ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૪૨.૦ ડીગ્રી
લઘુતમ : ૨૪.૩ ડીગ્રી
ભેજ
સવારે ૪૮ ટકા ● સાંજે ૧૯ ટકા
ગાંધીનગર તાપમાન

શહેરની શોભામાં ઘટાડો કરતા તૂટેલા બાંકડા

શહેરમાં અસામાજિક તત્વો દ્વારા જાહેર મિલકતને નુકસાન પહોંચાડવામાં આવી રહ્યું છે : ચ-૫ સર્કલ પાસે ફૂટપાથ પાસે ઘણા દિવસોથી તૂટેલી હાલતમાં બાંકડા : રાહદારીઓને અવરજવરમાં મુશ્કેલીઓ

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગરમાં અસામાજિક તત્વો દ્વારા જાહેર મિલકત ઉપર નુકસાન કરવામાં આવી રહ્યું છે. શહેરના ચ-૫ સર્કલ પાસે ઘણા દિવસોથી બાંકડો તૂટેલી હાલતમાં જોવા મળી રહ્યો છે. શહેરમાં નગરસેવકોની ગ્રાન્ટમાંથી બાંકડાઓની સુવિધા દરેક સેકટરોમાં કરવામાં આવી છે. જેનો ઉપયોગ રાહદારીઓ અને શહેરીજનો કરી શકે તે માટે બાંકડાઓની સારી વ્યવસ્થાઓ મુકી છે. જેમાં આ બાંકડાઓ પણ કોઈના દુશ્મન હોય તેમ અસામાજિક તત્વો દ્વારા નુકસાન પહોંચાડવામાં આવ્યું છે. ફૂટપાથની ઉપર રાહદારીઓની અવરજવર રહેતી હોય છે તેવામાં આ તૂટેલો બાંકડો ઘણા દિવસોથી આ વિસ્તારમાં હોવાથી રાહદારીઓને અવરજવરમાં મુશ્કેલીઓ પડી રહી છે. ગાંધીનગરના માર્ગો ઉપર અવરજવર કરતાં દરેક નાગરિકની નજર આ તૂટેલા બાંકડા પર જઈ રહી છે ત્યારે કોઈ જીએમસી અધિકારી, નગરસેવક કે માર્ગ મકાનવિભાગના કર્મચારીઓની નજર પણ આ તૂટેલા બાંકડા તરફ ગઈ હોય તેમ લાગતું નથી. કારણકે આ બાંકડો ઘણા દિવસોથી આ જ હાલતમાં પડી રહ્યો છે. કોઈ જવાબદાર તંત્ર દ્વારા બાંકડો ત્યાંથી દૂર કરવાની કામગીરી કરાઈ રહી નથી તેથી જાગૃત નાગરિકો દ્વારા શહેરના હાર્દસમા ચ-૫ સર્કલના ફૂટપાથ ઉપર તૂટેલા બાંકડાને તાત્કાલિક દૂર કરાવવાની માંગ ઉઠી રહી છે. ગાંધીનગરની શોભામાં અડચણરૂપ બનતો આ તૂટેલો બાંકડો કોઈ અસામાજિક તત્વો દ્વારા તોડીને નુકસાન પહોંચાડવામાં આવ્યું છે ત્યારે રાત્રિ દરમિયાન ઉનાળામાં શહેરીજનો ફૂટપાથ ઉપર ચાલવા નીકળતા હોય છે તેવામાં આ બાંકડો બધાને નડતરરૂપ બની ગયો છે. ગાંધીનગરનાં વિકાસ કાર્યોમાં ધરખમ વધારો થઈ રહ્યો છે. અને બીજી તરફ આ અસામાજિક તત્વો જાહેર મિલકતોને નુકસાન પહોંચાડી રહ્યા છે. આવા અસામાજિક તત્વો સામે કડક પગલાં લેવા જોઈએ જેથી જાહેર મિલકતોને નુકસાન ન પહોંચે અને શહેરીજનો યોગ્ય રીતે જાહેર મિલકતોનો લાભ લઈ શકે. આ ઉપરાંત શહેરમાં ટ્રાફિક વધી રહ્યો છે તેથી દિવસેને દિવસે અકસ્માતો વધી જવા પામ્યા હોવાથી ઘણા કિસ્સાઓમાં જાહેર મિલકતને નુકસાન પહોંચ્યું છે. શહેરમાં બનતા અકસ્માતોથી સર્કલો, લાઈટોના થાંભલા, વૃક્ષો, બાંકડાઓ તૂટી જવાના દૃશ્યો જોવા મળતા હોય છે છેવટે શહેરમાં જાહેર મિલકતનો નુકસાન થાય છે અને આ રીતે તૂટેલી હાલતમાં દિવસો સુધી પડી રહે છે. જે શહેરની સુંદરતાની અભિવૃધ્ધિમાં ઘટાડો કરે છે.

જન્મદિને વધામણી

રાજ સુથાર
મો. ૯૧૦૬૭ ૭૦૩૭૨

રોનક પરમાર

હસમુખ વી. ઠાકર

સિનિયર કલાર્કની કોમ્પ્યુટરની પરીક્ષા ફરી લેવા ઉમેદવારોની માંગ

સોફ્ટવેરમાં પ્રોબ્લમને અનુલક્ષીને પરીક્ષા ફરી લેવા અને એજન્સી બદલવા ગૌણ સેવા પસંદગી મંડળના ચેરમેન સમક્ષ રજુઆત : ચેરમેનના હકારાત્મક પ્રતિભાવનો દાવો

ગાંધીનગર, તા.૨૬

છેલ્લાં કેટલાંક સમયથી રાજ્યમાં વિવિધ સરકારી નોકરી માટેની સ્પર્ધાત્મક પરીક્ષાઓ કોઈ ને કોઈ રીતે ચર્ચામાં રહેવા પામી છે. આજે ગાંધીનગર ખાતે ગૌણ સેવા પસંદગી મંડળની કચેરીએ આશરે એકસોથી વધુ ઉમેદવારોએ એકઠાં થઈને મંડળ દ્વારા ગત માર્ચમાં લેવાયેલી સિનિયર કલાર્કની પરીક્ષામાં કોમ્પ્યુટરની પરીક્ષા ફરી લેવા માંગ કરી હતી.

આજે સવારે ગાંધીનગરના સેક્ટર ૧૦માં કર્મયોગી ભવન ખાતે સ્થિત ખાતે ગૌણ સેવા પસંદગી મંડળની કચેરીએ આશરે એકસોથી

વધુ ઉમેદવારો તેમની રજુઆત કરવા આવ્યાં હતા. આ ઉમેદવારોના મતે ગત તા.૩જી માર્ચથી તા.૫મી માર્ચ દરમ્યાન ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા લેવામાં આવેલી સિનિયર કલાર્કની પરીક્ષા અંતર્ગત કોમ્પ્યુટર વિષયની યોજાઈ હતી જેમાં સોફ્ટવેરમાં પ્રોબ્લમ જણાયો હતો. આ સાથે નવી એજન્સી સામે પણ ઉમેદવારોએ અસંતોષ વ્યક્ત કર્યો હતો. ઉમેદવારોએ ગૌણ સેવાના ચેરમેન એ.કે રાકેશને મળીને તેમની રજુઆત કરી હતી અને પછી તેમણે ચેરમેને તેમની રજુઆત સાંભળી છે અને યોગ્ય ન્યાય મળે તેવી ખાતરી આપી છે તેવું જણાવ્યું હતું. જોકે આ સાથે ઉમેદવારોએ તેમને આગામી સમયમાં ન્યાય નહીં મળે તો હાઈકોર્ટમાં જવાની પણ તૈયારી દર્શાવી હતી.

સરકારી ઈજનેરી કોલેજ, ગાંધીનગર ખાતે Alumni Meet 2022નું આયોજન

ગાંધીનગર, તા.૨૬

ઉચ્ચ શિક્ષણના તાબા હેઠળના મેટલર્જી વિભાગ, સરકારી ઈજનેરી કોલેજ, સેકટર-૨૮, ગાંધીનગર ખાતે સંસ્થાના આચાર્યા ડૉ. એસ. પી. દવે તથા મેટલર્જી વિભાગના વડા ડૉ. આઈ. બી. દવે ના માર્ગદર્શન હેઠળ **'Alumni Meet 2022"** નું મેટલર્જી વિભાગ ના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ ના સંયોજન (સ્ટુડન્ટ સોસાયટી ઓફ મેટલર્જી એન્જીનિયરીંગ ગાંધીનગર) દ્વારા તારીખ ૨૬ એપ્રિલના રોજ કરવામાં આવ્યું હતું. આ તાલીમના સંયોજક મેટલર્જી વિભાગના પ્રાધ્યાપકો શ્રી. એચ. એચ. ઠાકર તથા ડૉ. એમ. એસ. દાની હતા. સાપ્તાહિક ઓનલાઈન વેબીનારનું ઉદ્ઘાટન મેટલર્જી વિભાગના વડા ડૉ. આઈ. બી. દવે ની ઉપસ્થિતિ માં થયું હતું. જેમાં વિભાગના ભુતપૂર્વ વિદ્યાર્થી દિવ્યપ્રકાશ ઠાકર **(Quality Engineer, Canada)** દ્વારા ઓનલાઈન તથા ગૌરવ વડલિયા (કવોલિટી મેનેજર, રાજકોટ) દ્વારા ઓફલાઈન એક્સપર્ટ લેક્ચર આપવામાં આવ્યું હતું. જેમાં ૭૦ જેટલા સ્પર્ધકોએ ભાગ લીધેલ હતો. અંતે **SSMEG** દ્વારા સંસ્થા ના આચાર્યા ડૉ. એસ. પી. દવે ના હસ્તે ગૌરવ વડલિયા, લક્ષીત રંગાણી, ધ્રુવીન તેજાણી તથા પાર્થ ધોળા નું **Alumni Entrepreneur** તરીકે બહુમાન કરવામાં આવ્યું હતું.

સમસ્ત વૈષ્ણવ વણિક પરિવાર, ગાંધીનગરના મહિલા વીંગના નવા હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા.૨૬

સમસ્ત વૈષ્ણવ વણિક પરિવાર, ગાંધીનગરની મહિલા વીંગની સામાન્ય સભા ૨૫મીએ મળી હતી. જેમાં વર્ષ ૨૦૨૨-૨૪ સુધીના નવા હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. જેમાં હર્ષાબેન પ્રકાશભાઈ શાહ પ્રમુખ પદે, શોભાબેન એમ. શાહ ઉપપ્રમુખપદે પ્રિતિબેન વી. શાહ મંત્રી તરીકે, વર્ષાબેન ડી. શાહ સહમંત્રી તરીકે, સ્વાતિબેન ચોકસી ખજાનચી તરીકે, હેતલબેન દેસાઈ સહ ખચાનચી તરીકે, સોનલબેન વી. ગાંધીને સંગઠન મંત્રી, નિકિતાબેન કાંટાવાલાને સાંસ્કૃતિક મંત્રી તરીકે અને રૂપલબેન શાહ, મનીષાબેન શાહ, નેનાબેન શાહ, ફાલ્ગુનીબેન ગાંધીની કારોબારી સભ્ય તરીકે વરણી કરવામાં આવી હતી.

સેક્ટર-૭-એ ખાતે ટ્રેકિંગ કેમ્પ અને મેગા સમર કેમ્પનું આયોજન

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર ટેકવોન્ડો એસોસિએશન, યુનિવર્સલ એક્સપ્લોરર ગ્રુપ અને વિશ્વ હિન્દુ પરિષદ તથા બજરંગદળના સહયોગથી તા. ૫ મે થી ૧૩ મે દરમિયાન સવારે ૭:૦૦ થી ૯:૦૦ વાગ્યા સુધી ભારતમાતા મંદિર, સે. ૭/એ ખાતે મેગા સમરકેમ્પ ૨૦૨૨ નું અને ટ્રેકિંગ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પ દરમિયાન ટેકવોન્ડો, સેલ્ફ ડિફેન્સ, વેપન્સ ટ્રેનિંગ, યોગા, ગન શૂટિંગ, સ્કેટિંગ, ટ્રેકિંગ, ડ્રિલ, શારિરીક-માનસિક ફિટનેસની વિવિધ પ્રવૃત્તિઓ કરાવવામાં આવશે. ભાગ લેનાર તમામને સર્ટિફિકેટથી પ્રોત્સાહિત કરવામાં આવશે. વધુ માહિતી માટે ૯૧-૮૧૬૦૦૬૫૬૨૭, ૯૧-૭૪૦૫૨૬૭૭૨૭ પર નામ નોંધાવી લેવા સંસ્થા દ્વારા જણાવવામાં આવ્યું હતું.

ન્યુ વાવોલ ખાતે શ્રી બ્રહ્મ એકેડમીનો ત્રીજીએ શુભારંભ

ગાંધીનગર, તા.૨૬

શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ, ગાંધીનગર ન્યુ વાવોલ શાખા દ્વારા શ્રી બ્રહ્મ એકેડમીનો શુભારંભ આગામી તા.૩જી મેના રોજ સવારે ૧૦ વાગે બ્લ્યુ બેલ એકસોટિકા, દિયા પાર્ટી પ્લોટની સામે, ન્યુ વાવોલ-ઉવારસદ રોડ, વાવોલ ખાતે કરવામાં આવશે.

આ એકેડમીમાં બ્રહ્મસમાજના બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે સ્પોકન ઈંગ્લીશ, બેઝીક કોમ્પ્યુટર બેચ તથા ધોરણ ૧થી ૯ના રેગ્યુલર ટયુશન કલાસીસની વ્યવસ્થા કરવામાં આવી છે. આ પ્રસંગે સમસ્ત બ્રહ્મસમાજ ગુજરાતના પ્રમુખ પિનાકીનભાઈ રાવલ, ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાંતભાઈ જહા, ગાંધીનગરના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડા, ગાંધીનગર શહેર ભાજપ પ્રમુખ રૂચિરભાઈ ભટ્ટ, ગુડાના પૂર્વ ચેરમેન આશિષભાઈ દવે, ગુજરાત પ્રદેશ સમિતિ કોંગ્રેસના ઉપપ્રમુખ નિશિતભાઈ વ્યાસ અને વૈદેહી ગ્રુપના બિલ્ડર દેવેન્દ્રસિંહ ગોલ ઉપસ્થિત રહેશે. ભુદેવ પરિવારોને આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

વિદ્યાસહાયકના ઉમેદવારો દ્વારા ગાંધીનગરમાં ધરણા પ્રદર્શન

ગાંધીનગર, તા.૨૬

વિદ્યાસહાયકની ચાલુ ભરતીમાં જગ્યાઓ વધારવાની માંગ સાથે ઉમેદવારોએ ગાંધીનગર ખાતે ધરણાં પ્રદર્શન કર્યું હતું. હાલમાં રાજયમાં ૧૯૦૦૦ જેટલા શિક્ષકોની ઘટ છે ત્યારે રાજય સરકાર દ્વારા ફકત ૩૩૦૦ જ વિદ્યાસહાયકની જાહેરાત આપવામાં આવતા ટેટ પાસ ઉમેદવારોમાં ભારે અસંતોષની લાગણી ફેલાઈ રહી છે. ટેટ પાસ ઉમેદવારોના જણાવ્યા મુજબ રાજય સરકાર દ્વારા દર વર્ષે ૩૦૦૦ જેટલા વિદ્યાસહાયકની ભરતી કરવામાં આવતી હતી પરંતુ

છેલ્લા ૫ વર્ષમાં રાજય સરકાર દ્વારા વિદ્યાસહાયકની ભરતી કરી નથી. ૧૫૦૦૦ જેટલા વિદ્યાસહાયકની ભરતી થવી જોઈએ પરંતુ રાજય સરકારે ફકત ૩૩૦૦ની જ ભરતીની જાહેરાત કરતા ૧.૫ લાખ જેટલા ટેટ પાસ ઉમેદવારોમાં રોષની લાગણી ફેલાઈ છે. છેલ્લા ૧ મહિના જેટલા સમયગાળાથી ગાંધીનગર ખાતે વિરોધ પ્રદર્શન કરવામાં આવી રહ્યું છે. જેન અનુસંધાને ગઈકાલે રાજયના જુદા જુદા વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં ટેટ પાસ ઉમેદવારો દ્વારા ગાંધીનગર ખાતે આવી ધરણાં પ્રદર્શન કર્યું હતું અને જયાં સુધી એમની માંગણી સ્વીકારવામાં નહિ આવે ત્યાં સુધી આંદોલન ચાલુ રાખવાની સરકારને ચીમકી આપવામાં આવેલ હતી.

ગાંધીનગર સાહિત્યસભા દ્વારા 'શૂદ્રપર્વ' પુસ્તક વિશે સર્જકો સાથે સંવાદ યોજાશે

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર સાહિત્યસભા દ્વારા દર મહિનાના બીજા રવિવારે એમની



માસિક બેઠક નિયમિત યોજાય છે. આ વખતે મે મહિનાની બેઠક પ્રથમ રવિવારે ગુજરાત સ્થાપના દિન નિમિત્તે પહેલી મેના રોજ આયોજિત કરવામાં આવી છે. આ વખતની બેઠકમાં ગાંધીનગર સાહિત્યસભાના સભ્ય અને સાહિત્યકાર નિવૃત્ત આઈએએસ અધિકારી શ્રી પ્રવીણ ગઢવીના પુસ્તક 'શૂદ્રપર્વ' પર સંવાદનું આયોજન કરવામાં આવ્યું છે. પહેલી મે રવિવારે સાંજે પાંચ વાગ્યે નિસર્ગ સાયન્સ સેન્ટર ખાતે આયોજિત આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા ગાંધીનગર સાહિત્યસભાના અધ્યક્ષ સંજય થોરાતે સૌને આમંત્રણ આપ્યું છે.

'શૂદ્રપર્વ' પુસ્તક સંવાદ કાર્યક્રમના અધ્યક્ષ તરીકે સાહિત્યકાર હરીશ મંગલમ્, મુખ્ય મહેમાન તરીકે નટુભાઈ પરમાર અને અતિથિ વિશેષ તરીકે કલ્પેશ પટેલ ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમનું સંચાલન પ્રવીણ શ્રીમાળી દ્વારા કરવામાં આવશે. કાર્યક્રમના અંતમાં અલ્પાહારની વ્યવસ્થા કરવામાં આવી છે.

અરિહંત સ્કૂલ ઓફ ફાર્મસી એન્ડ બી.આર.આઈ. દ્વારા "વર્લ્ડ ઈમ્યુનાઈઝેશન ડે "ની ઉજવણી

ગાંધીનગર, તા.૨૬

અરિહંત સ્કૂલ ઓફ ફાર્મસી એન્ડ બી.આર.આઈ. દ્વારા "વર્લ્ડ ઈમ્યુનાઈઝેશન ડે " ની ઉજવણી તા. ૨૫ એપ્રિલ ૨૦૨૨ ના રોજ કરવામાં આવી હતી. જેમાં ઈન્સ્ટીટ્યુટના વિદ્યાર્થીઓ માટે પોસ્ટર કોમ્પીટીશન 'લોંગ લાઈફ ફોર ઓલ'ની થીમ પર આવી હતી. આ કોમ્પીટીશન માં વિદ્યાર્થીઓ એ હર્ષભેર ભાગ લીધો હતો તેમજ તેમને બિરદાવવા માટે ઈનામ વિતરણ નો કાર્યક્રમ પણ કરવામાં આવ્યો હતો.

આ ઉપરાંત આખા વર્ષ દરમિયાન યોજાયેલી અલગ અલગ ઈવેન્ટ જેમકે સ્પોર્ટસ વીક, ટીચર્સ ડે સેલિબ્રેશન, આઝાદી કા અમૃત મહોત્સવ નું સેલીબ્રેશન તથા જે વિદ્યાર્થીઓ એ કોરોના ની ત્રીજી લહેર દરમિયાન 'કોરોના વોરીયર્સ' તરીકે સેવા આપી હતી તેમના માટે પણ ઈનામ વિતરણનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

આજે રાંધેજા ખાતે સુંદરકાંડ પાઠનું આયોજન

ગાંધીનગર, તા.૨૬

ગોસ્વામી સંજયભારતીબાપુની વ્યાસ પીઠે તારીખ ૨૭-૪-૨૨, બુધવાર ના રોજ સમય રાત્રે ૮/૩૦ કલાકે જાહેરમાં 'સુંદરકાંડ પાઠ' યોજાશે. સ્વ પટેલ હસમુખદાસની પ્રથમ પૂણ્ય તિથિ નિમિતે, સમગ્ર આયોજન, ઉમીયા નગર સોસાયટી, માઢવાડો, રાંધેજા ગામ ખાતે યોજાશે તેમ અખબારી યાદીમાં જણાવ્યું છે.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ. જોષી દિવ્યપ્રભા રમેશચંદ્ર,** ઉ.વ. ૭૮, સેકટર-૭
- **સ્વ. પ્રજાપતિ ગંગાબેન ભલાભાઈ,** ઉ.વ.૮૪, સેકટર-૧૨
- **સ્વ. સિંધવ ગણપતભાઈ ઉકાભાઈ,** ઉ.વ. ૬૯,સે-૨૪, ઈન્દિરાનગર
- **સ્વ. ઠાકોર હુરસંગજી કચરાજી,** ઉ.વ. ૯૦, આલમપુર
- **સ્વ. સુથાર જશીબેન કેશવલાલ,** ઉ.વ. ૭૩, ભોયણરાઠોડ
- **સ્વ. દંતાણી ભલીબેન શાન્તુભાઈ,** ઉ.વ. ૪૫, શિહોલીમોટી

શહેરમાં લીંબુ પાણીની વધતી ખરીદી

નાની લીંબુ પાણીની બોટલના ભાવ ૧૦ રૂપિયા : ગરમી વધતા લીંબુ પાણીની ડિમાન્ડમાં વધારો

ગાંધીનગર, તા.૨૬

શહેરમાં ગરમીનો પારો વધી રહ્યો છે ત્યારે ગરમીથી રાહત મેળવવા માટે શહેરીજનો વિવિધ ઠંડા પીણાં અને જયુસ પીવાનું પસંદ કરી રહ્યા છે. તેમાં પણ લીંબુ પાણીની પણ ડિમાન્ડ વધુ જોવા મળી રહી છે. એક તરફ લીંબુના ભાવમાં ધરખમ વધારો ઝીંકાયો છે તો બીજી તરફ ગરમીના કારણે લીંબુ પાણી પીવાની આવશ્યકતા પણ વધી રહી છે. લીંબુ શરબતના ભાવમાં વધારો થયો નથી તેથી લીંબુ શરબતની ડિમાન્ડ ગરમીમાં વધી છે. શહેરીજનો દરરોજની ૫૦૦ થી ૧૦૦૦ નાની લીંબુ શરબતની બોટલ પી રહ્યા છે. શહેરમાં લીંબુના ભાવની સામે લીંબુ શરબતની બોટલના ભાવમાં વધારો નોંધાયો ન હોવાથી વેપારીઓને નુકસાન થઈ રહ્યું છે.

શહેરીજનો નાની લીંબુ શરબતની બોટલની ખરીદી કરી રહ્યા છે જેમાં ફ્રીઝમાં તેનો સ્ટોક ભરીને ઉપયોગ કરવા માટે પણ

વધારે કવોન્ટીટીમાં તેની ખરીદી કરી રહ્યા છે. ગરમીની ઋતુમાં લીંબુ શરબત ખુબ ફાયદાકારક હોવાથી મોંઘવારીના માર વચ્ચે પણ શહેરીજનો લીંબુની ખરીદી કરતા જોવા મળી રહ્યા છે. એપ્રિલ માસમાં ૧૪મીથી શહેરમાં લગ્નસરાની મોસમ શરૂ થઈ છે તેથી માર્કેટમાં લીંબુ શરબતની ડિમાન્ડ જોવા મળી રહી છે.

શહેરમાં દુકાનોમાંથી દરરોજની ૫૦૦ થી ૧૦૦૦ લીંબુ શરબતની બોટલની ખરીદી થઈ રહી છે. જેમ ગરમી વધશે તેમ તેમ આંકડો તેનો પણ વધશે તેમ વેપારી વર્ગે જણાવ્યું હતું. સામાન્ય દિવસોમાં ૧૦૦ થી ૨૦૦ લીંબુ શરબતની બોટલ વેચાતી હતી જે ગરમીના કારણે તેની માંગ વધી રહી છે. શહેરીજનો પોતાના સ્વાસ્થ્યની કાળજી રાખવા માટે દરરોજ લીંબુ પાણી પવાનું પસંદ કરી રહ્યા છે. તેથી લીંબુ પાણીની ડિમાન્ડ માર્કેટમાં વધી રહી છે.